**શહેરમાં બે-ત્રણ મહિનાથી ઉપદ્રવ શરૂ થયો છે. રાતની વેળા એકલદોકલ સ્ત્રીની પાછળ આવીને એને ગળે દુપટ્ટો કે મફલર વીંટીને ફાંસી દેનાર દુષ્ટની રાડ છે. એવા દિવસોમાં એક સફળ વ્યવસાયી પુરુષ પોતાના અસાધારણ ઓરમાન ભાઈની વાત કરવા ડિટેક્ટીવને બોલાવે છે...**

# હત્યારા ફાંસીગરની વાત અને પોતાના ખોવાયેલા ભાઈની વાત!

## ફાંસીગર-1

## રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

અમદાવાદને ફ્રુટ ખાતું કર્યું સિંધીઓએ. શરબત પીતાં શીખવ્યું સિંધીઓએ. આઈસ્ક્રીમનો ચટાકો લગાડયો સિંધીઓએ... આ યાદી ઓર પણ લાંબી કરી શકાય. દેશના ભાગલા પછી નિર્વાસિત બનીને આવેલા લાખો સિંધીઓ માટે સ્થાપિત આર્થિક વ્યવસાયોમાં તો પગ મૂકવાની જગા મળે એમ નહોતી. એટલે એ કલ્પનાશીલ જનોએ અવનવા ઉદ્યોગ વ્યવસાયો અપનાવવા માંડ્યા.

અને એમાં ઘણા અનેરી સફળતા પામ્યા. જેમકે રામાણી કુટુંબ, લેખરાજ રામાણીએ આઈસ્ક્રીમ બનાવાવની શરૂઆત તો હાથ વડે ફેરવવાની પાંચ રતલની કેપેસિટીની કોઠીથી કરેલી. પણ પછી એનો 'કૂલ કિંગ' આઈસ્ક્રીમ વખણાતો ગયો. અમદાવાદ શહેર મોટું થતું ગયું. એની સમૃદ્ધિ વધતી ગઈ, અને સમૃદ્ધિનો દાખડો કરવાની એક રીત આઈસ્ક્રીમમાં વપરાશમાં વ્યક્ત થઈ. રામાણીએ ઠેર ઠેર 'કૂલ કિંગ' આઈસ્ક્રીમ પાર્લર શરૂ કર્યા. ગલ્લામાં ટંકશાળ પડવા લાગી. પૌત્ર જગત રામાણી તો બહુ જલદીથી લાખોપતિ ગણાવા લાગેલો. હવે એ કરોડોપતિ અને કદાચ અબજપતિ બનવાની દિશામાં મક્કમ પગલાં માંડી રહ્યો હતો.

બાવા સફળ સમૃદ્ધ વ્યવસાયી તરફથી પ્રાઈવેટ ડિટેક્ટીવ અજય-રાધિકાને કહેણ મળે ત્યારે યથાશીઘ્ર પહોંચી જવાનું જ હોય. જો કે પ્રાથમિક મુલાકાતમાં રામાણીની સમસ્યાની વિગતો જ મેળવવાની હોવાથી અજયે એકલા જ જવાનું નક્કી કર્યું અને નદીની પશ્ચિમ બાજુના 'કૂલ કિંગ' આઈસ્ક્રીમના પાર્લરમાં એ સમયસર પહોંચી ગયો.

જગામાં શીતળતા વેચાતી હતી એટલે એ સ્વયં શીતળ હોય એ સ્વાભાવિક હતું. વધારામાં અલ્પ પ્રકાશ અને બોઝિલ વાતાવરણ એ પાર્લરનાં અન્ય લક્ષણો હતાં. બહારના ઝળાંહળાં પ્રકાશમાંથી અંદર પ્રવેશ્યા પછી કેટલીક સેકંડો સુધી તો તમારે દૃષ્ટિને અનુકૂળ કરવા ઊભા રહેવું પડે. અજય આમ જ ઊભો હતો ત્યાં વાદળી-રાખોડી ગણવેશવાળો એક ભારેખમ બેરર સામે આવીને ઊભો રહ્યો. 'આપ જ અજયવર્મા છો?' એણે પોતાના ખોખરા અવાજને બને તેટલો મુલાયમ બનાવવાની કોશિશ કરતાં પૂછ્યું. 'હા, હું અજય', આપણા ડિટેક્ટીવે મસ્તક હલાવ્યું. 'રામાણી શેઠને આવતાં થોડીક વાર લાગે એમ છે.' જાડિયા બેરરે જણાવ્યું. 'પણ આપને બેસાડવાનું અને ગમતો આઈસ્ક્રીમ પાર્લરને ખર્ચે ખવડાવવાનું એમણે કહ્યું છે. આવો.' બેરરે એને પર્લરને છેડે દેખાતા એક કેબિન-દ્વાર આગળના એક ટેબલ પર બેસવા વિનવ્યું અને પછી મેનુ કાર્ડ ધરીને એ અજયનો ઓર્ડર લેવા અદબપૂર્વક ઊભો રહ્યો. ચતુર રામાણીએ પાર્લરમાં આવનાર દરેક ગ્રાહકને પોતાની પસંદગીની ચીજ મળી રહે એ સારુ આઈસ્ક્રીમ અને અન્ય શીતળ પદાર્થો ઉપરાંત પંજાબી, દક્ષિણી, ચીની અને મેક્સિકન વાનગીઓ અને ચા-કોફી સુધ્ધાં પીરસવાનું રાખ્યું હતું. અજયે ચા જ મંગાવી.

પ્યાલો એણે અર્ધો જ ખાલી કર્યો હતો ત્યાં દરવાજેથી એક ઠીંગણો માણસ પ્રવેશ્યો. પાર્લરના સૌ બેરરોમાં તત્કાળ એક ચપળતા આવી ગઈ એ જોઈને અજયે નક્કી કર્યું કે એ જ પાર્લરનો માલિક લેખરાજ રામાણી હોવો જોઈએ. એની ચાલ પણ એવી હતી, જે આગવી સંપત્તિ પ્રાપ્તિની ચાલ હતી! આદમી માંડ દોઢસો સેન્ટીમીટરનો હશે. પરંતુ વજન સિત્તેર કિલો જેટલુ ધરાવતો હતો અને એ બધું વજન માત્ર 'ક્રીમ' નહોતું. ધંધાર્થે થતી દોડધામને પરિણામે એના સ્નાયુઓ કસાઈ ગયા હતા. કપડાંમાંથી ચરબી નહીં પરંતુ સ્નાયુઓ તરવરતા હતા. ધારદાર કાળી પારખુ આંખોવાળા એ ધંધાર્થી એ અજયને પણ તરત પારખી લીધો. અને હસ્તધૂનન માટે એના તરફ જમણો હાથ લંબાવતો એ ઉતાવળો ચાલીને અજયની સામે ઊભો રહ્યો. પચાસેકની ઉંમરે એનો એકેય વાળ ધોળો નહોતો થયો. એના હોઠો પરનું સ્મિત તો વેપારીનું હતું, છતાં અત્યારે એ નિખાલસ જણાતું હતું.




અજય સાથે હાથ મેળવીને એ બોલ્યો, 'અરે, આ શું, અજયબાબુ! આઈસ્ક્રીમ પાર્લરમાં આવીને ચા પીઓ છો! અમને આમ શરમાવાય કે? અરે, પ્રભુરામ! આપણી લેટેસ્ટ વેરાયટી મલ્ટી-નટ મિક્સ લાવો. આવો, જરા મારી કેબિનમાં બેસીએ.' હસ્તધૂનન માટે લંબાવેલા હાથ વડે જ અજયનો હાથ વહાલથી જકડીને એણે ખેંચ્યો. કેબિનમાં અજયને એક સુંવાળી ખુરશીમાં બેસાડીને જગત પોતાની ફરતી ખુરશીમાં બેઠો. એણે પહેલાં તો રૂમાલ વડે ચહેરો લૂછ્યો. પછી સાધારણ ટિપ્પણી કરી, 'અમારા બુઢિયા કહે છે કે સિંધમાં ઘણી ગરમી પડતી, પણ અમદાવાદ જેટલી તો નહીં જ હોય; નહિતર અમારી અગાઉની પેઢીના સિંધીઓ આટલા ઉજળા ક્યાંથી હોત!'

**છેલ્લા બે-ત્રણ મહિનાથી શહેરમાં એક અજબ જાતનો હત્યારો પાક્યો હતો. રાતના આઠ વાગ્યાને સુમારે તે એકલદોકલ સ્ત્રીની પાછળથી હુમલો કરતો અને એને ગળે દુપટ્ટો કે મફલર કે રૂમાલ વડે ફાંસો દઇને એને મારી નાખતો**

અજયને થયું કે હજારો વર્ષો પર્યન્ત સિંધમાં અને ગુજરાતમાં આવી આવીને વસેલી પ્રજાઓના સંગમ વિશે નાનું સરખું ભાષણ ઝાડી નાખું. પરંતુ અત્યારે પોતાને ઈતિહાસના વાચક તરીકે નહીં પણ ડિટેક્ટીવ તરીકે બોલાવવામાં આવ્યો છે, એ યાદ કરીને, માત્ર સંમતિસૂચક મસ્તકધૂનન કરીને એ રહી ગયો.

એ આમ મૌન રહ્યો એટલે રામાણી સમજી ગયો કે આ માણસને આડીઅવળી વાતોમાં રસ નથી. એણે સીધો જ વિષયમાં પ્રવેશ કર્યો. 'અજયબાબુ તમે આકાજલનાં છાપાં તો વાંચતા જ હશો. એમાં પેલા ફાંસીગરના સમાચાર ખૂબ આવે છે.'

અજયે આવા સમાચાર ન વાંચ્યા હોય એ બને જ નહીં. છેલ્લા બે-ત્રણ મહિનાથી શહેરમાં એક અજબ જાતનો હત્યારો પાક્યો હતો. રાતના આઠ વાગ્યાને સુમારે તે એકલદોકલ સ્ત્રીની પાછળથી હુમલો કરતો અને એને ગળે દુપટ્ટો કે મફલર કે રૂમાલ વડે ફાંસો દઈને એને મારી નાખતો. ન તો એના પર કશો જાતીય હુમલો કરતો કે ન લૂંટફાટ કરતો. મરનારીનાં ઘરેણાં, પર્સ, પાકિટ, બધું અકબંધ રહેતું. મારનારને જાણે એના પ્રાણ હરવામાં જ રસ હોય! અખબારોએ એને 'ફાંસીગર' નામ આપ્યું હતું. નગરની પાંચ સ્ત્રીઓના પ્રાણ એણે લીધા હતા, પરંતુ હજુ પોલીસ ખાતાને કે અન્ય કોઈનેય એની કશી નિશાની મળી નહોતી. ઓગણીસમી સદીને અંતભાગે લંડનમાં પેદા થયેલા 'જેક ધી રિપર'ની જેમ જ આની ઓળખ એક રહસ્ય હતી. સારી વાત એટલી હતી કે આ હત્યારો 'જેક ધી રિપર'ની જેમ લોહિયાળ પાશવી હત્યાઓ ન કરતો... બસ, સ્ત્રીને ગૂંગળાવીને મારી નાખતો. એટલે અજયે કહ્યું, 'એ ફાંસીગરના સમાચાર મેં પણ વાંચ્યા જ હોય ને, ભાઈ!' 'બસ, એ બાબતમાં જ મારે તમને એક તપાસ સોંપવી છે,' જગતે જણાવ્યું. પછી જાણે પોતાની જાત સાથે સંવાદ કરતો હોય એમ, ઘણી વાર સુધી એના ચહેરા પર તંગ રેખાઓ તણાતી રહી. આખરે એક દીર્ઘ નિઃશ્વાસ મૂકીને એણે શરૂ કર્યું, 'મારો એક ઓરમાન ભાઈ છે. નામ છે યોગેશ. મારાથી પૂરો તેવીસ વર્ષ નાનો છે. એ મારી બીજી માનો દીકરો. પિતાજી ગુજરી ગયા ત્યારે મા તેત્રીસ જ વર્ષની હતી. યોગેશ છ વર્ષનો. મા એકાએક અમને સૌને મૂકીને જતી રહી. શા માટે જતી રહી હશે એ તમે સમજી શકશો. એ તેત્રીસ જ વર્ષની હતી. એ ઉંમરે વિધવા તરીકે આખી જિંદગી અમારી ઓશિયાળ કરવાનું એને ન ગમે એ સ્વાભાવિક છે. હું એને લગીરે દોષ દેતો નથી. મેં અને મારી વાઈફે યોગેશને પોતાના સંતાનની માફક ઉછેરવા માંડ્યો. અમારે પોતાને સંતાન ન થયાં, એટલે મારી વાઈફનું બધું જ હેત યોગેશ પર ઢોળાયું. એ મારો નાનો ભાઈ હતો, પરંતુ એને વધારે બનતું મારી માઈફ રાગિણી સાથે અને રાગિણી પણ વધારે હેત નાનકડા દિયર પર વરસાવતી. એના લાડકોડને કારણે હોય કે ગમે તેમ, યોગેશ ભણવામાં નબળો રહ્યો. પિતાજીના અવસાન પછી ધંધો બધો મારે એકલે હાથે સંભાળવાનો હતો. એટલે એને ભણાવવા-કરાવવા પાછળ મારાથી તો ધ્યાન અપાતું જ નહિ એ પછી યોગેશ જ્યારે સત્તર વર્ષનો હતો ત્યારે એ અચાનક ઘર છોડીને જતો રહ્યો. મેં એની ઘણી તપાસ કરાવી. અમારાં સગાંવહાલાં અને ઓળખીતા જ્યાં જ્યાં હતા ત્યાં બધે કાગળપત્ર લખ્યા. છાપાંઓમાં જાહેર ખબરો છપાવી. પણ ક્યાંય એનોપત્તો ન લાગ્યો.'

આટલું બોલીને જાણે શ્વાસ ખાવા માટે હોય એમ જગત ઘડીભર અટક્યો. ફરી વાર એણે ચહેરો લૂછ્યો. અજય પોતાના કુતૂહલને દબાવીને બેઠો હતો. અનેક સ્ત્રીઓના હત્યારા 'ફાંસીગર'ની વાત કરીને તરત જગતે ખોવાયેલા ભાઈની વાત કેમ કરવા માંડી છે, તે હજુ સમજાતું નહોતું. જગતે એને ઉત્સુકતાની આવી સ્થિતિમાં લાંબો સમય ન રાખ્યો. એ બોલ્યો, 'પંદર મહિના પહેલા યોગેશ કશાં જ ખતખબર વગર ઘેર આવી ગયો. મને તો ભેટી જ પડયો. પણ એની માતાતુલ્ય ભાભીને એણે બોલાવી સુધ્ધાં નહીં. મારી નવાઈનો પાર નહોતો. જે ભાભી વગર એને ઘડીભર પણ ચાલતું નહોતું, જેના પડખામાં તે પડખામાં ભરાયા કરતો, એ જ ભાભીને જાણે ઓળખતો પણ ન હોય એવુ વર્તન કરવા લાગ્યો. મેં જોયું કે રાગિણીને પણ જાણે એ આંખના કણાની જેમ ખૂંચતો હતો. એ પાછો આવ્યો પછી દિયર-ભાભીને કદી બન્યું નહીં. હા, મારી સાથે એ મન મૂકીને વાતો કરતો. એક વાર કહે કે ભાઈ તમે પિતાજીના ધંધાને જીવતો રાખ્યો અને વધાર્યો છે. એ જોઈને મને ખૂબ ખુશી થઈ છે. હું તમને સાથ આપી શક્યો હોત તો ઘણું સારું થાત. પણ મારી જિંદગી ગોટે ચડી ગઈ... એક વાર એણે ગત નવ વર્ષોની વાત પણ કરી. કહે કે છેલ્લાં નવેક વર્ષોથી હું ઈન્દોરમાં હતો. ત્યાં બે વાર લગ્ન પણ કર્યા પરંતુ એકેય લગ્નમાં ઠરીઠામ ન થયો. પહેલી વાર વહુ એક ચબરખીય મૂકયા વગર ચાલી ગઈ અને એનો કશો પત્તો ન લાગ્યો. બીજીએ એવું કહીને છૂટાછેડા માગ્યા કે હું એના પર ત્રાસ ગુજારતો હતો. મેં એને પૂછ્યું કે ભાઈ, તેં એવું શું કર્યું કે એણે ત્રાસ પામીને છૂટાછેડા માગ્યા? એ કહે કે મારી કમાણી જરાક ઓછી હતી અને બાઈને મોજશોખ કરવા હતા. ઝઘડા થઈ જતા અને મારાથી હાથ ઉપડી જતો. મારે મારકૂટ કરવી નહોતી, છતાં મારકૂટ થઈ જતી હતી. એક વાર તો એક સળિયો મારા હાથમાં આવી ગયો અને મેં એને ધીબી નાખી.'

***(દોસ્તો, 'ફાંસીગર'ની વાત છે અને પત્નીને ધીબી નાખનાર અડબંગનો સંદર્ભ છે. તમે કેટલુંક અનુમાન બાંધી લીધું હશે. વાર્તામાં આગળ એ અનુમાનને અનુમોદન મળશે? જોઇએ! દરમિયાનમાં ગત રહસ્યકથાનો ઉકેલ.)***

### 'ખાડો ખોદે તે...'નો ઉકેલ

*'હું અનુમાન કરું, અજયબાબુ?' રાધિકાએ પૂછ્યું.*

*'સરસ! બોલ.'*

*'સમરસિંહ જાડેજા સિપાઇઓનો રમકડાં રંગીરંગીને નર્સરીની બારીમાં મૂકતા હતા એમાં સાંકેતિક ગોઠવણ હતી. કુલ તેર રમકડાં હતાં. એક સિપાહસાલાર અને બાર સિપાઇઓ. હવે, રંગપુર મહેલને નીચેને માળે કુલ તેર બેડરૂમ છે. જે બેડરૂમમાં સાહેબજાદા સૂવાના હોય તે સિપાહસાલારના ક્રમ વડે સૂચવવાનો હતો. મચ્છર છોડવા આવનારે એ ક્રમના બેડરૂમમાં મચ્છર છોડવાના! પ્રથમ ગોઠવણ મુજબ એમનો ક્રમ ત્રીજો હતો. પરંતુ અનવરભાઇએ બેડરૂમની બદલી કરી નાખી! હું ધારું છુંકે સમરસિંહે સિપાહસાલારના રમકડાનો ક્રમ બદલ્યો હશે. એ વેળાએ નર્સરી ભણીગયા હતા. પણ...'*

*'શાબાશ, રાધિકા! આ ગોઠવણ સમરસિંહની જ હતી. એણે જરૂર ક્રમ બદલ્યો હતો. પરંતુ એ સૂવા ગયો કે તરત સિપાહસાલારનો ક્રમ બદલી નાખ્યો. જે ક્રમના બેડરૂમમાં કાવતરાબાજ સમર સૂતો હતો એ ક્રમે સિપાહસાલારને ઊભો રાખી દીધો! બે દેશોને લડાવી મારીને લાખો માનવીની હિંસા કરવાના કાવતરાના કાઇમ બદલ સમરને પોતાની જ ગોઠવણ વડે પનિશમેન્ટ મળી ગઇ!'*